

**પ્રાંતિયા સ્મૃતિ વિકાસ શાળાના દિવ્યાંગ બાળકો મન મુકીને ગરબે ઘુમ્યા**

પ્રાંતિયા સ્થિત સ્મૃતિ વિકાસ શાળા (મંદબુદ્ધિની નિવાસી શાળા)માં દિવ્યાંગ બાળકોએ નવરાત્રી મહોત્સવમાં ગરબે ઘુમી આદ્યશક્તિ જયઅંબે માતાજીની આરાધના કરી હતી. નવલી નોરતાંમાં દિવ્યાંગ ખેલૈયાઓએ ભક્તિભાવથી આરતી-પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી.

## આઈ.ટી.આઈ. ગાંધીનગર ખાતે બેઠકો પર પ્રવેશ તક

ગાંધીનગર, તા.૯
ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગાંધીનગર ખાતે ઓગષ્ટ ૨૦૧૯માં ભરવાપાત્ર થતી બેઠકો સામે જુજ વ્યવસાયોમાં બેઠકો ખાલી રહેલ હોવાથી પ્રવેશ મેળવવા માટે ઉત્સુક ઉમેદવારોએ સંસ્થા ખાતે ફોર્મ ભરવું, પ્રવેશ ફોર્મ તા. ૧ ઓકટોબરથી ૯ ઓકટોબર સુધીમાં ૫૦ રૂ. રજીસ્ટ્રેશન ફી તથા જરુરી પ્રમાણપત્રો સહિત ફોર્મ ભરી ઈચ્છુક ઉમેદવારોને લાભ લેવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

# સેવા સેતુના પાંચમાં ચરણનો દાહોદ નજીકથી પ્રારંભ થશે

**આજે વિજય રૂપાણી રાજ્યવ્યાપી પ્રારંભ કરાવશે : પ્રજાલક્ષી યોજનાનો લાભ ઘરઆંગણે પહોંચાડવાનો હેતુ**

ગાંધીનગર,તા.૯
મુખ્યમંત્રી વિજય રૂપાણી રાજ્યના નાગરિકોને ઘરઆંગણે પ્રજાલક્ષી યોજનાઓનો લાભ પહોંચાડવાના અભિનવ પ્રયોગ 'સેવા સેતુ'ના પાંચમા તબક્કાનો આવતીકાલ, ગુરૂવાર તા.૧૦ ઓકટોબરે દાહોદના વનબંધુ વિસ્તાર અંતેલાથી રાજ્યવ્યાપી પ્રારંભ કરાવશે. મુખ્યમંત્રીએ રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ સરળતાએ પ્રજાજનોને મળતો રહે તેમજ વહીવટમાં કાર્યક્ષમતા, પારદર્શીતા, સંવેદનશીલતા અને જવાબદારીપણું-એકાઉન્ટેબીલીટીને અગ્રતા આપતાં નવેમ્બર-૨૦૧૬થી આવા સેવા સેતુનો રાજ્યમાં આરંભ કરાવેલો છે. મુખ્યમંત્રીની પ્રરેણાથી રાજ્યમાં અત્યાર સુધીમાં આવા ૪ તબક્કાના સેવા સેતુ કાર્યક્રમો સફળતાપૂર્વક સંપન્ન થયા છે. ચોથા તબક્કાના ગ્રામીણ કક્ષાના સેવા સેતુનો પ્રારંભ પણ વિજય રૂપાણીએ દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના વનવાસી ગામ ઢઢેલાથી કરાવેલો હતો. રાજ્યના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં તા. ૧૦ ઓકટોબરથી શરૂ થનારા આ સેવા સેતુના પાંચમા તબક્કામાં 'વન ડે ગર્વનન્સ'નો પારદર્શી અને ભ્રષ્ટાચાર રહિત અભિગમ સાકાર કરતાં પ્રજાજનો સાથે સીધી સંકળાયેલી ૫૭ જેટલી સેવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગ્રામ્ય કક્ષાના સેવા સેતુ કાર્યક્રમમાં એક તાલુકામાં પાંચ ગામોનું કલસ્ટર બનાવી જુદા જુદા ૧૩ અધિકારીઓની ટીમ કેમ્પ ગોઠવશે. આ કેમ્પમાં કોઈ પણ જાતની અરજી ફી લીધા સિવાય સવારના ૯.૦૦ થી સાંજના ૫.૦૦ વાગ્યા સુધી સ્થળ ઉપર જ રજૂઆતોનો નિકાલ કરવામાં આવશે. સેવા સેતુના આ કાર્યક્રમમાં આવકના દાખલાઓ, રાશનકાર્ડને લગતી અરજીઓ, આધાર કાર્ડ, મા-વાત્સલ્ય, મા-અમૃત્તમ કાર્ડ માટેની અરજીઓ, વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર, દિવ્યાંગતા પ્રમાણપત્ર, વિધવા સહાય અને વૃદ્ધ નિરાધાર સહાય યોજના સાથે હવે મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજનાની અરજીઓ પણ કાર્યક્રમ સ્થળે સ્વીકારવામાં આવે છે.

# ૨-૩ દિવસમાં ગુજરાતમાંથી નૈઋત્ય ચોમાસુ વિદાય લેશે

**હજુ દક્ષિણ ગુજરાત સહિતના કેટલાક વિસ્તારોમાં વિદાય લેતા પૂર્વે મેઘરાજા છેલ્લી બેટીંગ કરતા જાય તેવી સંભાવના**

અમદાવાદ, તા.૯
ગુજરાતના વિવિધ ભાગોમાં હજુ પણ વરસાદી માહોલ રહેલો છે. મોનસુનની વિદાય થઈ રહી છે ત્યારે સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં વરસાદ જારી છે. અમરેલી, ગીરપંથક, જુનાગઢ સહિતના વિસ્તારોમાં હળવા વરસાદી ઝાપટા પડ્યા છે. કેટલીક જગ્યાએ બે ઈંચ સુધીનો વરસાદ પણ થયો છે. હવે આગામી બે થી ત્રણ દિવસમાં ગુજરાત રાજયમાંથી નૈઋત્યનું ચોમાસું વિદાય લેશે એમ આજે હવામાન વિભાગ દ્વારા બહુ મહત્વની આગાહી કરવામાં આવી હતી. જેને પગલે હવે ખેડૂતો સહિત પ્રજાજનોમાં પણ રાહતની લાગણી પ્રસરી છે. જો કે, હજુ દક્ષિણ ગુજરાત સહિતના કેટલાક વિસ્તારોમાં વિદાય લેતા પહેલાં મેઘરાજા છેલ્લી બેટીંગ કરતા જાય તેવી શકયતા છે. ગુજરાત રાજ્યમાં ચાલુ વર્ષે ચોમાસાની ઋતુમાં અત્યાર સુધીમાં ૧૪૨ ટકા વરસાદ નોંધાયો છે. જેમાં તમામ ૩૩ જિલ્લાઓમાં સરેરાશ ૧૦૦ ટકા વરસાદ તેમજ રાજ્યના તમામ તાલુકાઓમાં ૧૦ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. ગત વર્ષ-૨૦૧૮માં આ સમયે ગુજરાતમાં ૭૬.૭૩ ટકા વરસાદ નોંધાયો હતો. જેની સરખામણીએ આ વખતે સમગ્ર ગુજરાત રાજયમાં વધુ પડતો અને પાછોતરો નોંધનીય વરસાદ પડયો હતો. જેના કારણે રાજયના કેટલાક વિસ્તારોમાં લીલા દુકાળનો ઓછાયો પણ વર્તાયો હતો. તો, ખેડૂતોને કપાસ, મગફળી સહિતના પાકમાં નુકસાની વેઠવાનો વારો આવ્યો હતો. આજે પણ અમદાવાદ, દાહોદ સંજેલી, ઝાલોદ, લીમડી, વરો, સોપાઈ સહિતના વિસ્તારોમાં ભારે પવન, વાવાઝોડા સાથે તોફાની વરસાદ નોંધાયો હતો. દરમ્યાન આજે હવામાન વિભાગના ડાયરેકટર જયંત સરકારે જણાવ્યું હતું કે, આગામી બે થી ત્રણ દિવસમાં ગુજરાત રાજયમાંથી નૈઋત્યનું ચોમાસું વિદાય લેશે. જો કે, દક્ષિણ ગુજરાત સહિતના કેટલાક વિસ્તારોમાં હજુ છુટાછવાયા વરસાદની શક્યતા છે. હવામાન વિભાગની આગાહીને પગલે રાજયના ખેડૂતોને જાણે હાશકારો થયો છે, પ્રજાજનોમાં પણ રાહતની લાગણી પ્રસરી છે. ગુજરાતના જુદા જુદા ભાગોમાં કેટલીક જગ્યાઓ હળવા વરસાદી ઝાપટા પડ્યા છે જેમાં દક્ષિણ ગુજરાતના વિવિધ ભાગોનો સમાવેશ થાય છે. બીજી બાજુ અમદાવાદ, દાહોદ પંજમહાલ, વલસાડ, નવસારી, દમણ દાદરાનગર હવેલીમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

# વડગામના ભરકાવાડામાં નવરાત્રીની પૂર્ણાહુતિ અનોખી રીતે કરાઈ

**નવરાત્રીના છેલ્લા દિવસે વન વિભાગના મહિલા બીર્ડગાર્ડ દ્વારા ગરબે ઘુમતા ખૈલયાઓને તુલસીના છોડ અપાયા**

વડગામ, તા. ૯
વડગામ તાલુકાના ભરકાવાડામાં નવરાત્રી પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. નવ દિવસ ગામના ખૈલયાઓ મન મુકીને ગરબે ગરબે ઘુમ્યા હતા. નવરાત્રીના છેલ્લા દિવસે ખૈલયાઓને ભરકાવાડા ગામના રહેવાસી અને અમીરગઢ તાલુકામાં વનવિભાગમાં બીર્ડગાર્ડ તરીકે ફરજ બજાવતા વર્ષાબેન ચૌધરી હતો. ખૈલયાઓએ તુલસીનો છોડ ઘરે ઘરે ઉગાડવા તેમજ તેનો ઉછેર કરવા મક્કમતા બતાવી હતી, આમ વન પ્રેમીના આ ઉમદા કાર્યથી તેમજ નવરાત્રા પર્વની અનોખી પુર્ણાહુતીથી ગામના લોકોમાં ખુશી



ઘુમ્યા હતા. નવરાત્રીના છેલ્લા દિવસે નવરાત્રીની પુર્ણાહુતી અનોખી રીતે કરીને સમાજમાં અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

ભરકાવાડામાં મા અંબાના આદ્યશક્તિ પર્વની નવ દિવસ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. નવ દિવસ ગામના ખૈલયાઓ મનમુકીને નવરાત્રી દ્વારા તુલસીનો છોડ લાણી રૂપે આપીને ઘરે ઘરે તુલસી ઉગાડવાનો સંદેશ આપ્યો હતો. તુલસી શાસ્ત્રોમાં પવિત્ર ગણવામાં આવ્યો છે અને આરોગ્ય માટે પણ ઔષધી ગણવામાં આવે જે તુલસીના છોડ ખૈલયાઓને આપીને નવતર ઉદાહરણ સાથે ઉમદા કાર્ય કરતા ખૈલયાઓમા પણ આનંદ છવાયો વ્યાપી હતી. આ પ્રસંગે ગામના નિવૃત્ત બીટ ગાર્ડ જી.સી. રાવલ, હેમએગ્રોના ભીખાભાઈ ચૌધરી, કામરાજભાઈ ચૌધરી સહિત ગામના અગ્રણીઓ સાથે મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિતિ રહ્યા હતા અને નવરાત્રા પર્વની તુલસીનો છોડ આપીને પુર્ણાહુતી કરી હતી.

# ૧૭ જજોની વરણીની માંગ સાથે ૧૧મીએ હડતાળ

**સાત મહિના ઉપરાંતથી ૧૭ નોમીનીઝ કોર્ટ અને ટ્રિબ્યુ.માં ખાલી જગ્યા ન ભરાતાં સહકાર ક્ષેત્રના દાવાઓ અટવાયા**

અમદાવાદ, તા.૯
ગુજરાત રાજયના ૩૩ જિલ્લાઓમાં લાખોની સંખ્યામાં સહકારી બેંકો, ક્રેડિટ સોસાયટી, ખરીદ વેચાણ સંઘો, મંડળીઓ, હાઉસીંગ સોસાયટી વગેરે આવેલા છે અને જેની તકરાર કે વિવાદના નિકાલ માટે વિવિધ જિલ્લામાં કુલ ૧૮ બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટ, એપલેટે ટ્રિબ્યુનલ અને ગુજરાત સ્ટેટ કો.ઓ.ટ્રિબ્યુનલની સ્થાપના કરાયેલી છે. પરંતુ છેલ્લા સાત મહિના ઉપરાંતના સમયથી રાજયની ૧૮ બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટમાંથી માત્ર સમ ખાવા પૂરતી એક જ નોમીની કોર્ટ કાર્યરત છે અને બાકીની ૧૭ જગ્યાઓ ખાલી છે તેમ જ ગુજરાત સ્ટેટ કો.ઓ.ટ્રિબ્યુનલમાં પણ બે મેમ્બરોની જગ્યા ખાલી છે. આ સમગ્ર મામલે રાજય સરકાર, ગુજરાત હાઈકોર્ટ અને છેક વડાપ્રધાન સુધી વારંવાર રજૂઆતો કરવા છતાં નિમણૂંકો નહી થતાં ગુજરાત કો-ઓપરેટીવ બાર એસોસીએશન દ્વારા તા.૧૧મી ઓકટોબરે રાજયવ્યાપી હડતાળનું એલાન આપવામાં આવ્યું છે. જેને રાજયના અન્ય બાર એસોસીએશને પણ બહુ મજબૂત સમર્થન જારી કર્યું છે. આ હડતાળને પગલે તા.૧૧મી ઓકટોબરે



રાજયની બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટોની કામગીરી તો ઠપ્પ થઈ જશે એમ ગુજરાત કો.ઓ.બાર એસોસીએશનના પ્રમુખ એચ. આર. શાહ, એસોસીએશનના અગ્રણી એડવોકેટ હર્ષદભાઈ ત્રાડા અને ધીરજભાઈ ઠક્કરે જણાવ્યું હતું. સરકાર દ્વારા વારંવારની રજૂઆતો અને રૂબરૂ મુલાકાતો લઈ સમગ્ર મામલે ધ્યાન દોરવા છતાં રાજયની બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટમાં અને ટ્રિબ્યુનલમાં જજોની નિમણૂંક નહી કરવામાં આવતાં આજરોજ ગુજરાત કો.ઓ. બાર એસોસીએશનના પ્રમુખ એચ.આર.શાહ, એસોસીએશનના અગ્રણી એડવોકેટ હર્ષદભાઈ ત્રાડા અને ધીરજભાઈ ઠક્કરની આગેવાની હેઠળ આશિષ શાહ, વી.સી. રાવલ, મેનેજર તરૂણભાઈ ઠક્કર અજીત ગઢવી, ભીખુભાઈ કાલમેક, અતુલ શેઠ, અક્ષય ત્રિવેદી સહિતના ૫૦થી વધુ વકીલો લાલદરવાજા, અપનાબજાર ખાતેના સંકુલમાં બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટ ખાતે એકત્ર થયા હતા અને સરકારના ઉદાસીન અને અસહકારભર્યા વલણના વિરોધમાં ઉગ્ર રોષ અને વિરોધ વ્યકત કર્યો હતો. ગુજરાત કો.ઓ.બાર એસોસીએશનના પ્રમુખ એચ. આર. શાહ, એસોસીએશનના અગ્રણી એડવોકેટ હર્ષદભાઈ ત્રાડા અને ધીરજભાઈ ઠક્કરે વધુમાં જણાવ્યું હતુ કે, સમગ્ર ગુજરાત રાજયમાં છેલ્લા સાત મહિના કરતાં વધુ સમયથી કુલ ૧૮ બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટમાંથી ફકત એક જ નોમીની કોર્ટ કાર્યરત છે અને બાકીની ૧૭ જગ્યાઓ ખાલી છે. તો, ગુજરાત સ્ટેટ કો. ટ્રિબ્યુનલમાં પણ બે મેમ્બરોની જગ્યાઓ ખાલી છે. જે અંગે બાર એસોસીએશનના હોદ્દેદારોએ મુખ્યમંત્રી, કાયદામંત્રી અને સહકાર મંત્રીને અવારનવાર લેખિત રજૂઆતો કરી છે અને રૂબરૂ મુલાકાતો પણ કરી સમગ્ર મામલે રજૂઆત કરી છે.

તા.૨૪-૯-૨૦૧૯ના રોજ બાર એસોસીએશનના હોદ્દેદારો અને સભ્યો રાજયના સહકારમંત્રીને મળીને ઉગ્ર રજૂઆત કરી ત્યારે તેમણે તાત્કાલિક આ નિમણૂંકો કરવા અંગે ખાતરી આપી હતી પરંતુ હજુ સુધી આ નિમણૂંકો થઈ નથી, જેના કારણે બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટોમાં હજારો સંખ્યામાં કરોડો રૂપિયાના દાવાઓ અટવાયા છે. તો, મંડળીઓ, સહકારી સંઘો, બેંકો, હાઉસીંગ સોસાયટીઓ અને સભાસદોને પારાવાર નુકસાન થઈ રહ્યુ છે. વકીલોની સાથે સાથે પક્ષકારો બહુ ભયંકર હાલાકી ભોગવી રહ્યા છે અને પ્રજાજનો ન્યાયથી વંચિત રહી રહ્યા છે. અગાઉ ખુદ હાઈકોર્ટ તેમ જ સુપ્રીમકોર્ટના હુકમને પગલે સરકારને ખાલી જગ્યા ભરવાની ફરજ પડી હતી પરંતુ ત્યારબાદ સમયાંતરે જગ્યાઓ ખાલી પડતાં આજે છેક ફેબ્રુઆરી-૨૦૧૯થી બોર્ડ ઓફ નોમનીઝની ૧૭ કોર્ટો, ગુજરાત સ્ટેટ કો.ઓ.ટ્રિબ્યુનલમાં પણ બે મેમ્બરોની જગ્યા ખાલી છે. આ સંજોગોમાં રાજય સરકાર અને સહકાર વિભાગની ગંભીર નિષ્કાળજી અને ઉદાસીનતાના વિરોધમાં ગુજરાત કો-ઓપરેટીવ બાર એસોસીએશન દ્વારા તા.૧૧મી ઓકટોબરના રોજ પ્રતિક હડતાળનું એલાન આપવામાં આવ્યું છે. અમદાવાદ સહિત રાજયના અન્ય બાર એસોસીએશન તરફથી પણ આ હડતાળને સમર્થન જારી કરવામાં આવ્યું છે.

# દારૂબંધીના કાયદાને રાજ્યમાં વધુ કડક બનાવાયો : વાઘાણી

અમદાવાદ,તા.૯
ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ કોંગ્રેસના અમીત ચાવડાના બાલીશ અને હાસ્યાસ્પદ આક્ષેપો સામે તીવ્ર પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, માત્ર મીડિયામાં ચમકવા માટે ભાજપા સરકાર પર બેબુનિયાદ આક્ષેપો કરતાં પહેલાં કોંગ્રેસે પોતાનો ભૂતકાળ તપાસવો જોઈએ. ગુજરાતમાં કોંગ્રેસના શાસનમાં ચારેબાજુ દારૂના ધંધાર્થીઓ અને હપ્તાખોરો ફૂલ્યા-ફાલ્યા હતા. કોંગ્રેસના નેતાઓ અને મંત્રીઓના બંગલાઓ અસામાજીક તત્વો અને બુટલેગરોના આશ્રયસ્થાન બન્યા હતા. તે સમયે ગુજરાતમાં છાશવારે થતાં લઠ્ઠાકાંડોમાં હજારો લોકોએ જીવ ગુમાવ્યા હતા. દારૂના ધંધાર્થીઓને સાથ આપી ગુજરાતની પ્રગતિ રોકવાના પાપે જ આજે ગુજરાત કોંગ્રેસ ખાડે ગઈ છે. વાઘાણીએ જણાવ્યું હતું કે, દારૂબંધી એ ગુજરાત માટે આશીર્વાદરૂપ છે. ગુજરાતની શાંતિ, સલામતી તથા સમૃદ્ધિ માટે કટિબદ્ધ ભાજપા સરકારે સુકાન સંભાળ્યા પછી ગુજરાતમાં દારૂબંધીનો કડકમાં કડક અમલ થઈ રહ્યો છે.

# રાષ્ટ્રીય સ્તરની ઉર્જા બેઠક ૧૧મીથી કેવડીયા ખાતે યોજાશે

અમદાવાદ,તા.૯
ઉર્જામંત્રી સૌરભ પટેલે જણાવ્યું છે કે, કેન્દ્ર સરકારના ઊર્જા અને બિન પરંપરાગત ઊર્જા વિભાગ તથા ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે આગામી તારીખ ૧૧ અને ૧૨ ઓકટોબર-૨૦૧૯ દરમ્યાન સરદાર સરોવર ડેમ, કેવડીયા ખાતે દ્વિ-દિવસીય રાષ્ટ્રીય કક્ષાની ઊર્જા કોન્ફરન્સ યોજાશે. મંત્રી પટેલે ઊમેર્યું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરદાર સરોવર ડેમ ખાતે વિશ્વની સૌથી ઊંચી સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિમાનું નિર્માણ કરીને કેવડીયાને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત કર્યું છે ત્યારે આવી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સોનું આયોજન ગુજરાતમાં થઈ રહ્યું છે તે સૌ ગુજરાતીઓ માટે ગૌરવરૂપ છે. રાજ્યની વિકાસયાત્રાને વધુ વેગ મળે તે માટે ગુજરાતમાં આવી કોન્ફરન્સોનું આયોજન થઈ રહ્યું છે તે માટે મંત્રીએ રાજય સરકારવતી વડાપ્રધાનનો આભાર માન્યો છે. તેમણે કહ્યું કે, આ રાષ્ટ્રીય કોન્ફરન્સને કેન્દ્રના ઊર્જા મંત્રી આરકે સિંગ તારીખ ૧૧મી ઓકટોબરે ખુલ્લી મુકશે જેમાં



દેશભરના તમામ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશના ઊર્જા મંત્રીઓ, ઊર્જા સચિવઓ તથા ઊર્જા વિતરણ અંગે કામ કરતી એનટીપીસી, પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, પીએફસી, આરઈસી, એનએચપીસી જેવી વિવિધ કંપનીઓના મેનેજીંગ ડીરેકટરઓ, ચેરમેનઓ ઉપસ્થિત રહેવાના છે. મંત્રીએ ઉમેર્યું કે, આ બે દિવસીય કોન્ફરન્સમાં પ્રથમ દિવસે પુનઃપ્રાપ્ય ઊર્જા (રીન્યુએબલ એનર્જી), પ્રધાનમંત્રી કુસુમ યોજનાના અમલીકરણ, સોલાર રૂફટોપ, સરહદી વિસ્તારોમાં રીન્યુએબલ એનર્જીના વિકાસ કાર્યક્રમો, અલ્ટ્રા મેગા રીન્યુએબલ એનર્જી પાર્કસની સ્થાપના સંદર્ભે, ઈઝ-ઓફ-ડુઈંગ બીઝનેશ અંતર્ગત સોલાર અને વિન્ડ પાવર સંદર્ભે હાથ ધરાનાર વિવિધ પ્રોજેકટ સંદર્ભે જમીન ફાળવણી સહિતના આનુસાંગિક કામો તથા રેગ્યુલેટરી ઈશ્યુ સંદર્ભે ચર્ચા-વિચારણા કરાશે. તેમણે ઉમેર્યુ કે, કોન્ફરન્સના બીજા દિવસે ગુજરાત છેલ્લા ૧૦ વર્ષથી ઊર્જાના તમામ ક્ષેત્રોમાં દેશમાં નંબર-૧ બન્યું છે તે સંદર્ભે વિવિધ રાજ્યોને માહિતગાર કરવા માટે પ્રેઝન્ટેશન દ્વારા જરૂરી વિગતો પુરી પાડવામાં આવશે સાથે સાથે ગુજરાતે જયોતિગ્રામ યોજનાના માધ્યમ દ્વારા તમામ ગામડાઓમાં ૨૪ કલાક વીજળી પુરી પાડી દેશનું રોલ મોડલ બન્યું છે તેજ રીતે વિવિધ રાજ્યોમાં ૨૪ કલાક ગુણવત્તાયુક્ત વીજળી અવિરતપણે કેવી રીતે પહોંચાડી શકાય તે સંદર્ભે પણ તજજ્ઞો સહિત પદાધિકારીઓ દ્વારા વિચાર વિમર્શ કરાશે ઉપરાંત આજ દિવસે ટ્રાન્સમિશન, થર્મલ, એનર્જી કન્ઝરવેશન, ઈન્ફોર્મેશન ટેકનોલોજી સહિતના વિષયોનો ઊર્જા ક્ષેત્રે કઈ રીતે ઉપયોગ થઈ શકે તે અંગે પણ ચર્ચા-વિચારણા કરાશે.

## દિવાળી ભેટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિસ્થાપિતો માટે પણ વળતરની જાહેરાત કરવામાં આવી છે. તેના કારણે ઐતિહાસિક ભુલ સુધારી દેવાની તક મળશે. તેમણે કહ્યુ હતુ કે આજે કેબિનેટની બેઠકમાં જમ્મુ કાશ્મીર માટે પણ ઐતિહાસિક નિર્ણય કરવામાં આવ્યો હતો. પોકમાંથી વિસ્થાપિત થયેલા ૫૩૦૦ પરિવાર જે દેશના જુદા જુદા ભાગોમાં વસી ગયા છે તેમને રાહત મળનાર છે. અથવા તો જમ્મુ કાશ્મીરમાં પરત ફર્યા છે તેમને પાંચ પાંચ લાખ રૂપિયાની સહાયતા મળશે. આ વિસ્થાપિત થયેલા પરિવારની સાથે થયેલી ઐતિહાસિક ભુલને આ રીતે સુધારી દેવામાં આવી રહી છે.

આયુષ્માન ભારત યોજનમાં વધારે તેજી લાવવા માટેનો પણ નિર્ણય આજની બેઠકમાં કરવામાં આવ્યો હતો. કેન્દ્રિય પ્રધાને કહ્યુ હતુ કે હજુ સુધી બે રાજ્યો એવા છે જે રાજ્યોમિં આયુષ્માન ભારત યોજના શરૂ કરવામાં આવી નથી. જેમાં દિલ્હી અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે. તેમણે કહ્યુ હતુ કે ગરીબ લોકોને સારવાર માટે પાંચ લાખ રૂપિયાની સહાયતાની રકમનો લાભ લેવા માટે હજુ સુધી ૩૧ લાખ લોકોને કાર્ડની સુવિધા આપવામાં આવી રહી છે. ૩૧ લાખ લોકો માટે કાર્ડ બની ચુકી છે. સરકારે પ્રધાનમંત્રી સન્માન નિધી યોજનાનો લાભ મેળવી લેવા માટે આધાર આપવાની ફરજિયાત બાબતને વધારી દીધી છે. હવે ખેડુતોને ૩૦મી નવેમ્બર સુધી આધાર ઉપલબ્ધ કરાવી દેવા માટે કહેવામાં આવ્યુ છે. પહેલા આ તારીખ પહેલી ઓગષ્ટ ૨૦૧૯ની રહેલી હતી. જુલાઈ ૨૦૧૯થી ભથ્થાની ચુકવણી કરવામાં આવશે.

ડીએમાં વધારાથી તિજોરી પર ૧૬૦૦૦ કરોડનો વધારાનો બોજ પડશે. સાતમાં પગાર પંચની ભલામણના આધાર પર આ વધારો કરવામાં આવ્યો છે. ડીએ અને ડીઆરમાં એક વર્ષમાં બે વખત સુધારો કરવામાં આવે છે. પહેલી જાન્યુઆરી અને પહેલી જુલાઈ એમ બે વખત આમા સુધારો કરવામાં આવે છે. પ્રધાને કહ્યું હતું કે, આધારની ફરજિયાત જરૂરિયાતના ધારાધોરણ પણ હળવા કરવામાં આવ્યા છે.

૩૦મી નવેમ્બર ૨૦૧૯ સુધી આ મહેતલ કરાઈ છે. પ્રધાનમંત્રી કિસાન સ્કીમ હેઠળ ૭ કરોડ ખેડૂતોને સીધો ફાયદો થયો અને આ રકમ ખેડૂતોના ખાતામાં સીધીરીતે જમા થઈ રહી છે. આજે ડીએમાં વધારો કરવામાં આવતા સરકારી કર્મચારીઓમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. તહેવારોની ઉજવણી સમયે તેમની પાસે વધારે પૈસા રહેશે. જુલાઈ ૨૦૧૯થી આ ભથ્થાની ચુકવણી કરવામાં આવશે. ઘણા સરકારી કર્મચારીઓ મોટી સંપત્તિની ખરીદી માટે પણ આ ભથ્થાનો ઉપયોગ કરી શકે છે. મોદી સરકારના આ નિર્ણયથી બજારમાં પણ તેજીનો માહોલ જામશે.

## મંદીની અસર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અર્થવ્યવસ્થાઓમાં આ વર્ષે મંદીની વધુ સ્પષ્ટ જોવા મળી રહી છે.

આઈએમએફના એમડીએ કહ્યું કે વૈશ્વિક વેપારની વૃદ્ધિ લગભગ અટકી ગઈ છે. આઈએમએફએ ઘરેલું માંગ વધાવાની શકયતાઓના કારણે ભારતની આર્થિક વૃદ્ધિનું અનુમાન નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે ૦.૩ ટકા ઘટાડી તેને ૭ ટકા કર્યું છે.

આ મહિને ક્રિસ્ટીન લાગાર્ડેના સ્થાન પર આઈએમએફનું ટોપ પદ સંભાળનાર ક્રિસ્ટાલિના જિયોરજીવાએ કહ્યું કે મુદ્રાઓ એક વાર ફરી મહત્વની થઈ ગઈ છે અને વિવાદ ઘણા દેશો તથા અન્ય મુદ્દાઓ સુધી ફેલાયો છે.

## ઝાટકણી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અમિત શાહે કહ્યું હતું કે, કોંગ્રેસના નેતાઓને આમા પણ નાટક લાગે છે. રાજનાથસિંહે મંગળવારના દિવસે ફ્રાંસમાં મલ્ટીરોલ વિમાનની ડિલિવરી મેળવી હતી. દશેરાના પાવન પ્રસંગે ડિલિવરી મેળવ્યા બાદ તેના ઉપર શસ્ત્ર પુજા કરવામાં આવી હતી. અમિત શાહે કહ્યું હતું કે, ગઈકાલે વિજ્યાદશમી પર્વની ઉજવણી થઈ રહી હતી. તેઓ રાફેલના મામલામાં વડાપ્રધાન અને સંરક્ષણમંત્રીને અભિનંદન આપવા માંગે છે. અમિત શાહે મનમોહનસિંહ પર પ્રહાર કરતા કહ્યું હતું કે, મનમોહનસિંહ હજુ પણ એ જ વાંચી રહ્યા છે જે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી લખીને આપે છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા રણદીપ સૂરજેવાલા ખેતાલમાંથી ફેર ચૂંટણી લડી રહ્યા છે. રાજ્યમાં ભારતીય જનતા પાર્ટી ૭૫ સીટ જીતવાના ટાર્ગેટ સાથે મેદાનમાં ઉતરી છે. અમિત શાહે કહ્યું હતું કે, અબકી બાર ૭૫ પારનો નારો અમે આપી રહ્યા છીએ. કોંગ્રેસ પાર્ટીના તમામ નેતાઓ પ્રચાર કરવાની સ્થિતિમાં પણ દેખાઈ રહ્યા નથી. રાફેલને લઈને કોંગ્રેસ પાર્ટી વધુ મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે.

## ઘમાસાણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ પહેલા મલ્લિકાર્જુન ખડગેએ સંરક્ષણ મંત્રી પર પ્રહાર કરતા કહ્યું હતું કે, રાફેલની પૂજા એક તમાસા તરીકે હતી. આ પ્રકારના નાટકની કોઈ જરૂર ન હતી. અમે બોફોર્સ જેવા હથિયારો ખરીદીને લાવતા હતા ત્યારે દેખાવો કરવા માટે ત્યાં કોઈ લાવવા માટે પહોંચ્યા ન હતા. રાફેલ ઉપર ઓમ લખવાની બાબત અને તેની પૂજા કરવાની બાબત યોગ્ય છે કે કેમ તેને લઈને પ્રશ્નો બિનજરૂરી ઉઠી રહ્યા છે. દેખાવાને લઈને અંદર પણ અધિકારીઓ બેસી રહ્યા છે તેવો પ્રશ્ન મલ્લિકાર્જુન ખડગેએ કર્યો હતો. એરફોર્સના અધિકારીઓ હથિયારોને લઈને કોઈ વાત કરી શકે છે. મંત્રીઓ દ્વારા આ પ્રકારના નાટકો કરવામાં આવ્યા છે.